



## હમાસને ભંડોળ પૂરું પાડવાના આરોપમાં ઇટાલીમાં ૯ની ધરપકડ

રોમ, તા. 27 (એપી) આતંકવાદ વિરોધી ફરિયાદીઓએ શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઇટાલિયન અધિકારીઓએ ત્રણ ચેરિટેબલ સંગઠનો સાથે જોડાયેલા નવ લોકોની પેલેસ્ટિનિયન આતંકવાદી જૂથ હમાસ માટે લાખો યુરો ભંડોળ એકત્ર કરવાની શંકામાં ધરપકડ કરી હતી. નિવેદનમાં જણાવાયું છે કે, શંકાસ્પદો પર ગાઝા, પેલેસ્ટિનિયન પ્રદેશો અથવા ઇઝરાયલમાં સ્થિત હમાસની માલિકીવાળા નિયંત્રિત અથવા તેમની સાથે જોડાયેલા સંગઠનોને લગભગ 7 મિલિયન યુરો (8.2 મિલિયન ડોલર) મોકલવાનો આરોપ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ધરપકડ કરાયેલા લોકોમાં ઇટાલીમાં પેલેસ્ટિનિયન એસોસિએશનના પ્રમુખ મોહમ્મદ હનૌનનો પણ સમાવેશ થાય છે, તેમને હમાસ સંગઠનના ઇટાલિયન સેલના વડા તરીકે વર્ણવવામાં આવ્યો છે. યુરોપિયન યુનિયનએ હમાસને તેની આતંકવાદી સૂચિમાં સૂચિબદ્ધ કર્યું છે.

તપાસમાં અન્ય ઈયુ દેશો સાથે સહયોગ કરનારા ઇટાલિયન ફરિયાદીઓના જણાવ્યા અનુસાર, ગેરકાયદે ભંડોળ ત્રિકોણ ઓપરેશન દ્વારા બેંક ટ્રાન્સફર દ્વારા અથવા વિદેશમાં સ્થિત સંગઠનો દ્વારા ગાઝા સ્થિત સંગઠનોને પહોંચાડવામાં આવ્યું હતું, જેને ઇઝરાયલ દ્વારા હમાસ સાથેના સંબંધો માટે ગેરકાયદે જાહેર કરવામાં આવ્યું છે.

પેજ3

## સલમાન ખાન ૬0 વર્ષનો થયો



**પોતાના** પનવેલના ફાર્મ હાઉસની બહાર પાપારાઝી ફોટોગ્રાફરો સાથે કેક કાપી

**બર્થ** ડે ઉજવણીમાં બોલિવુડના અનેક સ્ટારો હાજર

મુંબઈ, તા. 27: બોલીવુડ સુપરસ્ટાર સલમાન ખાને 27 ફેબ્રુઆરીએ પોતાનો 60મો જન્મદિવસ તેના પનવેલ ફાર્મહાઉસમાં પરિવારના સભ્યો અને નજીકના મિત્રો સાથે ભવ્ય ઉજવણી કરી હતી. સલમાન ખાનના ઉજવણીના ઘણા આંતરિક વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. એક વીડિયોમાં સલમાનની કહેવાતી ગર્લફ્રેન્ડ યુલિયા વંતુર, તેના માતાપિતા સાથેની મીઠી ક્ષણ શેર કરતી વખતે તેને રેકોર્ડ કરતી જોવા મળે છે. તેણે પોતાના પનવેલ ખાતેના ફાર્મ હાઉસની બહાર પાપારાઝી ફોટોગ્રાફરો સાથે મળીને કેક કાપીને અનોખી ઉજવણી કરી હતી.

વીડિયોમાં સલમાન તેના પિતા સલીમ ખાન સાથે હાથ મિલાવતો જોવા મળે છે, જ્યારે તેનો ભાઈ સોહેલ ખાન તેમના માતાપિતાને કેક કાપવા માટે નજીક આવવા કહે છે. બીજી ક્લિપમાં સલમાન બધાને 'હેપ્પી બર્થડે' ગાતા સાંભળીને હસતો જોઈ શકાય છે.

## ઉત્તર ભારતમાં નવા વર્ષનો આરંભ ગાઢ ધુમ્મસ વચ્ચે થશે

**સખત** ઠંડી સાથે ઉત્તર અને મધ્યભારતના મોટા ભાગના વિસ્તારોમાં ૨૦૨૫નું વર્ષ પુરું થશે

**અનેક** વિસ્તારો માટે ઓરેન્જ એલર્ટ જારી કરાયું

નવી દિલ્હી, તા. 27: ભારત હવામાન કેન્દ્ર (આઈએમડી)એ આગામી શનિવાર, 27 ડિસેમ્બર માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું હતું. જ્યારે કે ઉત્તર, પૂર્વ અને મધ્ય ભારતના મોટા ભાગના પ્રદેશોમાં તીવ્ર શીત લહેર અને ગાઢ ધુમ્મસ છવાઈ ગયું છે. ખરાબ હવામાનને કારણે દિલ્હીના ઘણા જિલ્લાઓમાં શાળાઓ બંધ કરવામાં આવી છે. નવા વર્ષનો આરંભ પણ ઉત્તર ભારતમાં ગાઢ ધુમ્મસ વચ્ચે જ થાય તેવા સંકેતો છે.

ગાઢ વાદળો તેમજ બર્ફીલા પવનોને કારણે, ખાસ કરીને પૂર્વીય મેદાનો પર હાજા ગગડાવતી ઠંડીની સ્થિતિ વધુ ખરાબ થઈ છે, જેના કારણે રહેવાસીઓ 2025ના વર્ષનો સખત ઠંડી સાથે અંત આવે તે માટે તૈયાર થઈ રહ્યા છે.

પૂર્વ ઉત્તર પ્રદેશ અને બિહારના વિસ્તારોમાં ઓછા સૂર્યપ્રકાશને કારણે હાજા ગગડાવતી ઠંડીની સ્થિતિ જોવા મળી રહી છે; તેથી, દિવસ દરમિયાન પણ તાપમાન સામાન્ય સ્તરથી ઘણું નીચે હતું.

## 'દ્દશ્યમ 3'માં અક્ષય ખન્નાનું સ્થાન જયદીપ અહલાવત લેશે

**અક્ષય** ખન્નાએ ફિલ્મમાં જોડાવાની ના પાડતા તેને કરાર ભંગની નોટિસ



મુંબઈ, તા. 27 (પીટીઆઈ): ફિલ્મ-નિર્માતા કુમાર મંગત પાઠકે શનિવારે જણાવ્યું હતું કે, તેમણે આગામી ફિલ્મ 'દ્દશ્યમ 3' માટે કરાર ભંગ બદલ અક્ષય ખન્નાને કાનૂની નોટિસ ફટકારી છે. કારણ કે, અભિનેતાએ ટેક્સ્ટ મેસેજ દ્વારા ફિલ્મનો ભાગ બનવાનો ઈનકાર કર્યો હતો. મંગત પાઠકે જણાવ્યું હતું કે, તેઓએ ગયા મહિને 'દ્દશ્યમ 3' માટે ખન્ના સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા અને અભિનેતાને એડવાન્સ પેમેન્ટ પણ આપવામાં આવ્યું હતું.

પાઠકે વધુમાં ઉમેર્યું હતું કે, તેઓએ શુક્રવારે જયદીપ અહલાવતને સાઈન કરવાનો નિર્ણય લીધો હતો. કારણ કે, તેમનું શૂટિંગ પ્રભાવિત થઈ રહ્યું હતું.

અભિષેક પાઠક દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત આ ફિલ્મ સ્ટાર સ્ટુડિયો18 દ્વારા પ્રસ્તુત છે. તેનું નિર્માણ આલોક જૈન, અજિત અંધારે, કુમાર મંગત પાઠક અને અભિષેક દ્વારા કરવામાં આવ્યું છે.

## રશિયાએ કિવ પર મિસાઇલો અને ડ્રોનથી હુમલો કર્યો, 1નું મોત

**યુક્રેન-અમેરિકા** વચ્ચે વાટાઘાટો યોજાય તેના એક દિવસ પહેલા હુમલો કર્યો, અનેકને ઇજા

**રવિવારે** ઝેલેન્સ્કી અને ટ્રમ્પ વચ્ચે મંત્રણા છે

કિવ, તા. 27 (એપી): યુક્રેન અને અમેરિકા વચ્ચેની વાટાઘાટોના એક દિવસ પહેલાં રશિયાએ શનિવારે વહેલી સવારે યુક્રેનની રાજધાની પર મિસાઈલો અને ડ્રોનથી હુમલો કર્યો હતો, જેમાં એક વ્યક્તિનું મોત થયું અને 20થી વધુ લોકો ઘાયલ થયા હતા. એમ સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું.

રાજધાનીમાં કલાકો સુધી વિસ્ફોટોનો અવાજ સંભળાતો રહ્યો હતો. કારણ કે, બેલિસ્ટિક મિસાઈલો અને ડ્રોનથી શહેરને નિશાન બનાવવામાં આવ્યું હતું. શનિવારે વહેલી સવારે હુમલો શરૂ થયો અને દિવસ ઉગવા સુધી ચાલુ રહ્યો હતો.

આ હુમલો એવા સમયે થયો છે જ્યારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કી લગભગ 4 વર્ષથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસમાં રવિવારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વધુ વાટાઘાટો માટે મળવાની તૈયારી કરી રહ્યા છે. ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે, તેઓ ડોનેટસ્ક અને ઝાપોરિઝ્ઝિયા પ્રદેશોમાં સુરક્ષા ગેરંટી અને પ્રાદેશિક મુદ્દાઓ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવાની યોજના ધરાવે છે.

ઝેલેન્સ્કીએ ટેલિગ્રામ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, રશિયાએ લગભગ 500 ડ્રોન અને વિવિધ પ્રકારના 40 મિસાઈલોથી યુક્રેનને નિશાન બનાવ્યું હતું. તેમણે કહ્યું કે મુખ્ય લક્ષ્ય કિવમાં ઊર્જા અને નાગરિક માળખાગત સુવિધાઓ હતી. ઝેલેન્સ્કીએ ઉમેર્યું કે, આ પ્રદેશના કેટલાક જિલ્લાઓમાં હુમલાઓને કારણે વીજળી કે ગરમી ઉપલબ્ધ નથી.

ઝેલેન્સ્કીએ કહ્યું, ''આજકાલ ઘણા પ્રશ્નો પૂછવામાં આવી રહ્યા છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને વિશ્વ દ્વારા યુદ્ધને સમાપ્ત કરવાના પ્રસ્તાવો પર રશિયાનો પ્રતિભાવ ક્યાં છે?''

ઝેલેન્સ્કીએ ઉમેર્યું હતું કે,''રશિયન પ્રતિનિધિઓ લાંબી વાતચીત કરે છે; વાસ્તવમાં, કિન્ઝાલ અને શાહેદ ડ્રોન તેમના વતી બોલે છે.''

ટેલિગ્રામ પર એક પોસ્ટમાં ગૃહમંત્રી ઈહોર ક્લીમેન્કોએ જણાવ્યું હતું કે, ''હુમલામાં 10 થી વધુ રહેણાક ઈમારતો ક્ષતિગ્રસ્ત થઈ હતી. ધરાશાયી થયેલી ઈમારતોના કાટમાળ નીચેથી લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા હતા. એક ક્ષતિગ્રસ્ત ઈમારતના કાટમાળ નીચેથી એક મૃતદેહ મળી આવ્યો હતો.''

## દિલ્હીમાં નવા વર્ષ પહેલાં મોટા પાયે કાર્યવાહી: 285 લોકોની ધરપકડ

**ઓપરેશન** આઘાત નામની કાર્યવાહીમાં સંગઠીત ગુનાખોરો, શેરી અપરાધીઓ અને હિસ્ટ્રી શીટરોને લક્ષ્ય બનાવાયા



નવી દિલ્હી, તા. 27

દિલ્હી નવા વર્ષની ઉજવણી માટે તૈયાર થઈ રહી છે ત્યારે પોલીસે આખી રાષ્ટ્રીય રાજધાનીમાં રાતભર કાર્યવાહી શરૂ કરી, સેંકડો આરોપીઓની ધરપકડ કરી, ગેરકાયદે શસ્ત્રો જપ્ત કર્યા અને ચોરાયેલી મિલકત રિકવર કરી, જેથી તહેવારોની ભીડ દરમિયાન ગુનાઓને રોકી શકાય.

દક્ષિણ પૂર્વ દિલ્હી પોલીસે જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં સંકલિત દરોડા અને તપાસ સાથે ઓપરેશન આઘાત 3.0 નામની તીવ્ર ઝુંબેશ હાથ ધરી હતી, જેમાં સંગઠિત ગુના, શેરી ગુનેગારો અને વારંવાર કાયદાનો ભંગ કરનારાઓને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા.

પોલીસે જણાવ્યું હતું કે, ઓપરેશન દરમિયાન શસ્ત્ર અધિનિયમ, આબકારી અધિનિયમ, એનડીપીએસ અધિનિયમ અને જુગાર અધિનિયમની વિવિધ જોગવાઈઓ હેઠળ 285 આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. વધુમાં, નવા વર્ષની પાર્ટીઓ દરમિયાન સંભવિત ગુનાઓને રોકવા માટે નિવારક કાર્યવાહી હેઠળ 504 લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

રીઢા ગુનેગારો સામે કેન્દ્રિત કાર્યવાહીના ભાગ રૂપે 116 લિસ્ટેડ બદમાશોને પકડી લેવામાં આવ્યા હતા, જ્યારે પોલીસે દરોડા દરમિયાન 10 મિલકત ગુનેગારો અને પાંચ ઓટો-ચોરી કરનારાઓની પણ ધરપકડ કરી હતી.

આ ઓપરેશનમાં પોલીસે 21 દેશી બનાવટની પિસ્તોલ, 20 જીવતા કારતૂસ અને 27 છરીઓ સહિત નોંધપાત્ર સામાન કબજે કર્યો હતો.


